### જનગણના 2027 સંપૂર્ણ ડિજિટલ બનશે

# ગુજરાતમાં 1 જૂનથી ઘરયાદીની કામગીરી શરૂ

**પ્રથમ** વખત નાગરિકોને 'સ્વ-ગણતરી'ની સુવિધા

**17 મે** થી 31 મે સુધી ઓનલાઈન વિગતો ભરી શકાશે

ગાંધીનગર: ગાંધીનગર ખાતે જનગણના કાર્ય નિદેશાલય, ગુજરાત દ્વારા જાહેરાત મુજબ , જનગણના 2027 દેશની 16મી અને આઝાદી પછીની 8મી જનગણના રહેશે, જે સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરાશે. ગુજરાતમાં પ્રથમ તબક્કા તરીકે 1 થી 30 જૂન, 2026 દરમિયાન 'ઘરયાદી અને મકાનોની ગણતરી' હાથ ધરાશે, જ્યારે બીજા તબક્કામાં 9 થી 28 ફેબ્રુઆરી, 2027 દરમિયાન 'વસ્તીની ગણતરી' તથા જાતિ ગણતરી કરવામાં આવશે. પ્રથમ વખત નાગરિકોને 17 થી 31 મે દરમિયાન પોર્ટલ પર પર 'સ્વ-ગણતરી' કરવાની સુવિધા આપવામાં આવી છે. સમગ્ર પ્રક્રિયા ગુજરાતી સહિત 16 ભાષાઓમાં એન્ડ્રોઈડ અને iOS એપ મારફતે કરવામાં આવશે. રાજ્યમાં 1.10 લાખથી વધુ હાઉસલિસ્ટિંગ બ્લોક્સ, 1.09 લાખ ગણતરીદારો અને 18 હજારથી વધુ સુપરવાઈઝરો જોડાશે. જનગણના દરમિયાન એકત્રિત થતી તમામ માહિતી જનગણના અધિનિયમ-1948 હેઠળ સંપૂર્ણ ગુપ્ત રાખવામાં આવશે.

ગાંધીનગર ખાતે જનગણના કાર્ય નિદેશાલય, ગુજરાત દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાતના વસ્તી ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ જણાવ્યું હતું કે જનગણના 2027 દેશની 16મી અને આઝાદી પછીની 8મી જનગણના રહેશે, જે આ વખતે સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરાશે. દેશમાં છેલ્લે વર્ષ 2011માં જનગણના યોજાઈ હતી.તેમણે જણાવ્યું હતું કે 'જનગણનાથી જન કલ્યાણ'ના મંત્ર સાથે યોજાનારી આ મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા બે તબક્કામાં હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં 'ઘરયાદી અને મકાનોની ગણતરી' (HLO) ગુજરાતમાં 1 જૂનથી 30 જૂન, 2026 દરમિયાન કરવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં 'વસ્તીની ગણતરી' (PE) 9 ફેબ્રુઆરીથી 28 ફેબ્રુઆરી, 2027 દરમિયાન યોજાશે. આ બીજા તબક્કા દરમિયાન જાતિ ગણતરીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીનો સ્ત્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય અસ્કયામતો સહિત કુલ 34 મુદ્દાઓ અંગે માહિતી એકત્રિત કરવામાં આવશે. કેન્દ્ર સરકારે આ સમગ્ર કામગીરી માટે રૂ. 11,718.24 કરોડના ખર્ચને મંજૂરી આપી છે.

**'સ્વ-ગણતરી' માટે ઓનલાઈન પોર્ટલ શરૂ**

આ વખતે પ્રથમ વખત નાગરિકોને 'સ્વ-ગણતરી' (Self-Enumeration) દ્વારા જનગણનામાં સીધી ભાગીદારી કરવાની તક આપવામાં આવી છે. તેના માટે 17 મે થી 31 મે, 2026 દરમિયાન અધિકૃત પોર્ટલ https://se.census.gov.in પર જઈને નાગરિકો પોતાની અને પોતાના કુટુંબની વિગતો ઓનલાઈન ભરી શકશે.સ્વ-ગણતરી પૂર્ણ થયા બાદ નાગરિકોને મળનાર SE ID ગણતરીદારને આપવાનો રહેશે. ગણતરીદાર દ્વારા માહિતીની ચકાસણી બાદ તેને મુખ્ય ડેટાબેઝમાં સામેલ કરવામાં આવશે. આ પ્રક્રિયા દ્વારા ડેટા સંગ્રહ વધુ ઝડપી અને સરળ બનશે તેમજ ફિલ્ડ વર્કનું ભારણ પણ ઘટશે.

ગુજરાતી સહિત 16 ભાષામાં એપ્લિકેશન ઉપલબ્ધ

નિયામક સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, આ વખતે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એન્ડ્રોઈડ અને iOS આધારિત એપ્લિકેશન દ્વારા ગુજરાતી સહિત 16 ભાષાઓમાં માહિતી એકત્રિત કરવામાં આવશે. ઈન્ટરનેટ ન હોય તેવી સ્થિતિમાં પણ ઓફલાઈન ડેટા સંગ્રહ શક્ય બનશે. ગુજરાતમાં આ અભિયાન અંતર્ગત 1,10,598 હાઉસલિસ્ટિંગ બ્લોક્સ, 1,09,038 ગણતરીદારો અને 18,254 સુપરવાઈઝરો કાર્યરત રહેશે. આ માટે અધિકારીઓ અને કર્મચારીઓને ત્રણ તબક્કામાં તાલીમ આપવામાં આવી રહી છે.

**માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રહેશે**

જનગણના દરમિયાન એકત્રિત થતી તમામ વ્યક્તિગત માહિતી જનગણના અધિનિયમ-1948 અને જનગણના નિયમો-1990 હેઠળ સંપૂર્ણ ગુપ્ત રાખવામાં આવશે. આ માહિતીનો ઉપયોગ કાયદાકીય અથવા કરવેરા સંબંધિત હેતુઓ માટે નહીં થઈ શકે તેવો વિશ્વાસ પણ આપવામાં આવ્યો હતો. સુજલ મયાત્રાએ તમામ નાગરિકોને જનગણનામાં સક્રિયપણે ભાગ લેવા અને સાચી તથા સંપૂર્ણ માહિતી આપવા અપીલ કરી હતી. કોઈપણ માહિતી અથવા માર્ગદર્શન માટે ટોલ-ફ્રી નંબર 1855 તેમજ Census India Official Website પર સંપર્ક કરવાની અપીલ પણ કરવામાં આવી છે.

# ગુજરાતના 79 હજાર વિદ્યાર્થીઓએ ફરી NEETની પરીક્ષા આપવી પડશે

**'પ્રાઈવેટ માફિયા'** નામના વોટ્સએપ ગ્રુપ મારફતે પાસવર્ડ સાથે NEETનું પેપર લીક થયું હતું

**પેપર** માટે વિદ્યાર્થીઓ પાસેથી 60 લાખ સુધીની રકમ વસૂલવામાં આવી હોવાના આરોપો

ગાંધીનગર: દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET-UG 2026 પેપર લીક કૌભાંડના કારણે આખરે રદ કરવામાં આવી છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ સત્તાવાર જાહેરાત કરીને 3 મે, 2026ના રોજ લેવાયેલી પરીક્ષા અમાન્ય જાહેર કરી છે અને હવે પરીક્ષા ફરી લેવામાં આવશે.

સમગ્ર મામલાની તપાસ કેન્દ્ર સરકારે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ને સોંપી છે.

દેશભરમાંથી અંદાજે 22.80 લાખ વિદ્યાર્થીઓએ NEET-UG 2026 પરીક્ષા આપી હતી, જ્યારે ગુજરાતમાંથી 79,190 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. રાજ્યના 31 શહેરોના 211 કેન્દ્રો પર પરીક્ષા યોજાઈ હતી. આ વર્ષે 13.32 લાખ યુવતીઓ અને 9.58 લાખ યુવકો પરીક્ષામાં નોંધાયા હતા. .

NTAએ સ્પષ્ટ કર્યું છે કે ફરી યોજાનારી પરીક્ષા માટે વિદ્યાર્થીઓને નવી નોંધણી કરવાની જરૂર નહીં પડે. અગાઉની નોંધણી, ઉમેદવારી અને પરીક્ષા કેન્દ્રોની પસંદગી યથાવત રહેશે. ઉપરાંત કોઈ વધારાની પરીક્ષા ફી લેવામાં આવશે નહીં અને ચૂકવાયેલી ફી પરત આપવામાં આવશે.

નવી પરીક્ષાની તારીખો અને એડમિટ કાર્ડ અંગેની માહિતી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

# દ.ગુ.ના સુરત સહિત કચ્છ, સુરેન્દ્રનગરમાં ત્રણ દિવસ 'ઓરેન્જ એલર્ટ'

**રાહતની** વાત એ છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે સ્થિતિ સાનુકૂળ બની રહી છે, ચાલુ સપ્તાહમાં આંદામાન ખાતે ચોમાસાની શરૂઆતની સંભાવના

અમદાવાદ: ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. આજે સુરેન્દ્રનગરમાં રાજ્યનું સૌથી વધુ 45.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં 41 થી 45 ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. 13 થી 15 મે દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, રાજકોટ, અમરેલી, દ્વારકા અને બોટાદ જિલ્લામાં પણ હીટવેવની સ્થિતિ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.ગરમ અને ભેજવાળા પવનોને કારણે ખાસ કરીને સુરત, અમદાવાદ અને વડોદરા જેવા શહેરોમાં અકળામણ વધી શકે છે, તેથી સ્થાનિક લોકોએ સીધા સૂર્યપ્રકાશથી બચવા અને વધુ પ્રમાણમાં પાણી પીવા સલાહ આપવામાં આવી છે.

બીજી તરફ, ગરમીના આ પ્રકોપ વચ્ચે રાહતના સમાચાર એ છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે સ્થિતિ સાનુકૂળ બની રહી છે.ચાલુ સપ્તાહના અંત સુધીમાં દક્ષિણ બંગાળની ખાડી, આંદામાન સમુદ્ર અને આંદામાન-નિકોબાર દ્વીપસમૂહ વિસ્તારમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની શરૂઆત માટે પરિસ્થિતિ અનુકૂળ બનતી હોવાની માહિતી આપી છે.કંડલા એરપોર્ટમાં પણ 45 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# ઈરાન યુદ્ધને કારણે શસ્ત્રો અને ઉર્જાનો ધંધો કરતી કંપનીઓ માલામાલ થઈ ગઈ

ઈરાનમાં અમેરિકા-ઈઝરાયલ યુદ્ધની કિંમત વિશ્વભરના સામાન્ય પરિવારો ચૂકવી રહ્યા છે, ત્યારે કેટલીક કંપનીઓ તેમાંથી મોટો નફો કમાઈ રહી છે. આ સંઘર્ષ અને ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી સર્જાયેલી અનિશ્ચિતતા રોજિંદા જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો કરી રહી છે, જેના કારણે વિશ્વભરની સરકારોના બજેટ પર અસર પડી રહી છે. આનાથી ગરીબ અને મધ્યમ વર્ગના કેટલાક લોકો હાંસિયામાં ધકેલાઈ ગયા છે, તેમનું બજેટ ખોરવાઈ ગયું છે, તો કેટલાકે રેકોર્ડ નફો કર્યો છે. આ એવા કોર્પોરેશનો છે, જેમના વ્યવસાયો યુદ્ધના સમય દરમિયાન વધુ નફાકારક હોય છે અને જેમને ઊર્જાના અસ્થિર ભાવોથી પણ ચિક્કાર ફાયદો થાય છે.



યુદ્ધ દરમિયાન અને યુદ્ધ પછી પણ શસ્ત્રો તેમ જ સંરક્ષણ સામગ્રીઓ બનાવતી કંપનીઓના નફામાં અધધ વધારો થતો હોય છે. ઈરાન યુદ્ધના કારણે બેલેસ્ટિક મિસાઈલ્સ, મિસાઈલ ઇન્ટરસેપ્ટર, ડ્રોન, બોમ્બ, દારૂગોળો, લડાયક વિમાનો, સબમરીનો વગેરે બનાવતી કંપનીઓના ઉત્પાદનમાં ધરખમ વધારો જોવા મળ્યો છે. વિશ્વના ત્રણ સૌથી મોટા સંરક્ષણ સાધન ઠેકેદારો લોકહીડ માર્ટિન, બોઈંગ અને નોર્થ્રોપ ગ્રુમને ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળાના અંતે રેકોર્ડ સંખ્યામાં પેન્ડિંગ ઓર્ડર નોંધાવ્યા હતા. F-35 ફાઇટર જેટના ઘટકો બનાવતી BAE સિસ્ટમ્સે ગુરુવારે એક બિઝનેસ અપડેટમાં જણાવ્યું હતું કે તેને આ વર્ષે વેચાણ અને નફામાં મજબૂત વૃદ્ધિની અપેક્ષા છે. માર્કેટ એડવાઇઝરી ફર્મ RSMUK ના વરિષ્ઠ વિશ્લેષક એમિલી સોવિચના મતે કોઈપણ યુદ્ધથી સંરક્ષણ ક્ષેત્રને સૌથી વધુ ફાયદો થાય છે. આ સંઘર્ષે હવાઈ સંરક્ષણની ક્ષમતાઓમાં રહેલી ખામીઓ છતી કરી છે, જેના કારણે યુરોપ અને અમેરિકામાં મિસાઈલ સંરક્ષણ, ડ્રોન વિરોધી ટેકનોલોજી અને લશ્કરી સાધનોમાં રોકાણમાં વધારો થયો છે. યુદ્ધ દરમિયાન શસ્ત્રોના ભંડારો ખાલી થઈ ગયા હોવાથી સરકારોને તેમના શસ્ત્રોના ભંડારોને ફરીથી ભરવાની જરૂરિયાત પણ ઊભી થઈ છે, જેના કારણે તેની માંગમાં વધારો થયો છે.

યુદ્ધ પોઈન્ટ

■ સંજય વોરા ■

આ યુદ્ધની અત્યાર સુધીની સૌથી મોટી આર્થિક અસર ઊર્જાના ભાવમાં ભારે વધારો છે. વિશ્વના ગેસ અને તેલ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે, પરંતુ ફેબ્રુઆરીના અંતથી આ દરિયાઈ માર્ગે જહાજોની અવરજવર લગભગ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. આના પરિણામે ઊર્જાના ભાવમાં ભારે વધઘટ થઈ, જેનો ફાયદો વિશ્વની કેટલીક સૌથી મોટી તેલ અને ગેસ કંપનીઓને થયો છે. યુરોપિયન તેલ દિગ્ગજોને સૌથી વધુ ફાયદો થયો છે. તેમની પાસે વેપારી પાંખો હતી તેથી તેઓ વધઘટનો લાભ લઈ શક્યા અને મહત્તમ નફો કરી શક્યા.

બીપી (બ્રિટિશ પેટ્રોલિયમ) એ વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં તેનો નફો બમણાથી વધુ વધીને ૩.૨ અબજ ડોલર થયો. કંપનીએ તેના ટ્રેડિંગ ડિવિઝનના પ્રદર્શનને અપવાદરૂપ ગણાવ્યું. ઓઇલ જાયન્ટ શેલે પણ વિશ્લેષકોની અપેક્ષાઓ કરતાં વધુ કમાણી કરી પ્રથમ ક્વાર્ટરના નફામાં ૬.૯૨ અબજ ડોલરનો ઉછાળો નોંધાવ્યો છે. અન્ય એક આંતરરાષ્ટ્રીય દિગ્ગજ કંપની ટોટલ એનર્જીઝનો નફો ૨૦૨૬ ના પ્રથમ ક્વાર્ટરમાં લગભગ ત્રીજા ભાગનો વધારો થયો, જે ૫.૪ અબજ ડોલર થયો છે. મધ્ય-પૂર્વમાંથી પુરવઠામાં વિક્ષેપને કારણે અમેરિકન જાયન્ટ એક્સોન મોબિલ અને શેવરોનની કમાણી ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ઘટી હતી, પરંતુ આ બંને કંપનીઓએ વિશ્લેષકોના અંદાજોને વટાવી દીધા છે. તેમને અપેક્ષા છે કે વર્ષ આગળ વધતાં તેમનો નફો વધશે, કારણ કે તેલના ભાવ હજુ પણ ઈરાન યુદ્ધ શરૂ થયું તેના કરતાં ઘણા વધારે છે.

યુદ્ધ દરમિયાન ઈરાનની કેટલીક મોટી બેંકોના નફામાં પણ વધારો જોવા મળ્યો છે. JPMorgan ના ટ્રેડિંગ આર્મીએ ૨૦૨૬ ના પ્રથમ ત્રણ મહિનામાં ૧૧.૬ અબજ ડોલરની રેકોર્ડ આવક નોંધાવી હતી. બિગ સિક્સ બેંકો, જેમાં બેંક ઓફ અમેરિકા, મોર્ગન સ્ટેનલી, સિટીગ્રુપ, ગોલ્ડમેન સેક્સ અને વેલ્સ ફાર્ગો અને જેપી મોર્ગનનો સમાવેશ થાય છે, તેમના નફામાં વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. એકંદરે બેંકોએ ૨૦૨૬ ના પ્રથમ ત્રણ મહિનામાં ૪૭.૭ અબજ ડોલરનો નફો કર્યો છે. ભારે ટ્રેડિંગ વોલ્યુમથી ખાસ કરીને મોર્ગન સ્ટેનલી અને ગોલ્ડમેન સેક્સને ફાયદો થયો છે. વોલ સ્ટ્રીટ પરના મુખ્ય ધિરાણકર્તાઓને ટ્રેડિંગમાં અચાનક થયેલા વધારાથી ફાયદો થયો છે. રોકાણકારો જોખમી શેરો અને બોન્ડ વેચી રહ્યા છે અને તેમના નાણાં સુરક્ષિત ગણાતી સંપત્તિઓમાં સ્થાનાંતરિત કરી રહ્યા છે.

નાણાંકીય બજારોમાં થતી વધઘટનો લાભ લેવા માંગતા રોકાણકારોને કારણે ટ્રેડિંગ વોલ્યુમમાં પણ વધારો થયો છે. કેટલાક રોકાણકારોએ યુદ્ધ વધવાના ડરથી તેમના શેર વેચી દીધા હતા, જ્યારે અન્ય લોકોએ ભાવ ઘટ્યા ત્યારે શેર ખરીદીને કમાણી કરી લીધી હતી, જેણે બજારના સુધારાને વેગ આપ્યો હતો.

ઈરાન યુદ્ધે અશ્મિભૂત ઈંધણ (તેલ અને ગેસ) પર નિર્ભરતા ઘટાડીને ઊર્જા સ્ત્રોતોને વૈવિધ્યીકરણ કરવાની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડ્યો છે. આનાથી અમેરિકામાં નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં ઝડપથી રસ વધ્યો છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ડ્રિલ, બેબી, ડ્રિલના સૂત્રને લોકપ્રિય બનાવ્યું હતું, જે અશ્મિભૂત ઈંધણના વધુ ઉપયોગને પ્રોત્સાહન આપે છે. આ યુદ્ધને કારણે નવીનીકરણીય ઊર્જામાં રોકાણ હવે સ્થિરતા અને સ્થિતિસ્થાપકતા માટે વધુને વધુ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આનાથી લાભ મેળવનારી કંપનીઓમાં ફ્લોરિડા સ્થિત નેક્સ્ટએરા એનર્જીનો સમાવેશ થાય છે. આ વર્ષે તેના શેરના ભાવમાં ૧૭ ટકાનો વધારો થયો છે. રોકાણકારો તેના મિશનમાં વધુને વધુ રોકાણ કરી રહ્યા છે. ડેનિશ પવન ઊર્જા દિગ્ગજો વેસ્ટાસ અને ઓર્સ્ટેડે પણ તેમના નફામાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. આ દર્શાવે છે કે ઈરાન યુદ્ધથી નવીનીકરણીય ઊર્જા કંપનીઓને પણ કેટલો ફાયદો થઈ રહ્યો છે. યુકેમાં ઓક્ટોપસ એનર્જીએ તાજેતરમાં જણાવ્યું હતું કે યુદ્ધને કારણે સોલાર પેનલ અને હીટ પંપના વેચાણમાં મોટો વધારો થયો છે. ફેબ્રુઆરીના અંતથી સોલાર પેનલના વેચાણમાં ૫૦ ટકાનો વધારો થયો છે. પેટ્રોલના વધતા ભાવને કારણે ઇલેક્ટ્રિક વાહનોની માંગમાં પણ વધારો થયો છે. ટેસ્લા જેવી અમેરિકન કંપની અને બીવાયડી જેવી ચીની કંપનીઓ આ તકનો મહત્તમ ઉપયોગ વેચાણ વધારવા કરી રહી છે.

વિશ્વની ૧૦૦ સૌથી મોટી શસ્ત્ર ઉત્પાદક કંપનીઓ શ્રીમંત બની છે. ગયા વર્ષે શસ્ત્રો અને લશ્કરી સાધનોના વેચાણમાંથી આવકમાં ૫.૯ ટકાનો વધારો થયો છે. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SIPRI) દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે યુક્રેન અને ગાઝામાં યુદ્ધો સહિત વૈશ્વિક અને પ્રાદેશિક ભૂ-રાજકીય તણાવને કારણે આ વધારો થયો છે. યાદીમાં સામેલ ત્રણ ભારતીય કંપનીઓ માટે લશ્કરી સાધનોમાંથી કુલ આવક ૮.૨ ટકા વધીને ૭.૫ અબજ ડોલર થઈ છે. સ્વીડન સ્થિત વૈશ્વિક થિંક ટેન્ક SIPRI એ વિશ્વની ટોચની ૧૦૦ શસ્ત્ર ઉત્પાદક અને લશ્કરી સાધનો બનાવતી કંપનીઓની યાદી આપતી વેબ લિન્ક પણ શેર કરી છે. આ યાદીમાં ભારતીય કંપનીઓમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને મઝાગાંવ ડોક શિપબિલ્ડર્સ છે. પહેલી વાર ટોચની ૧૦૦ શસ્ત્ર કંપનીઓમાંથી નવ મધ્ય-પૂર્વની છે, જેની કુલ આવક ૩૧ અબજ ડોલર છે. આ પ્રદેશમાં શસ્ત્રોની આવક ૧૪ ટકા વધી છે. રેન્કિંગમાં સમાવિષ્ટ ત્રણ ઇઝરાયલી શસ્ત્ર કંપનીઓની સંયુક્ત શસ્ત્ર આવક ૧૬ ટકા વધીને ૧૬.૨ અબજ ડોલર થઇ છે. અમેરિકાની કંપની સ્પેસએક્સ પ્રથમ વખત SIPRI ટોચની ૧૦૦ કંપનીઓમાં પ્રવેશી છે, કારણ કે તેની આવક બમણાથી વધીને ૧.૮ અબજ ડોલર થઇ ગઈ છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**વિશ્વની ૧૦૦ સૌથી મોટી શસ્ત્ર ઉત્પાદક કંપનીઓ શ્રીમંત બની છે. ગયાં વર્ષે શસ્ત્રો અને લશ્કરી સાધનોના વેચાણમાંથી તેમની આવકમાં ૫.૯ ટકાનો વધારો થયો છે**


## BUSINESS મિત્ર

### પીએમ મોદીના નિવેદન અને યુદ્ધના ભણકારે સેન્સેક્સ-નિફ્ટીમાં ભૂકંપ; ક્રૂડ તેલની તેજીએ બજારનું તેલ કાઢ્યું

# બજારમાં 'બુલ' ધરાશાયી: રોકાણકારોના ૧૦ લાખ કરોડ 'સ્વાહા'

**સોના** પરની ઇમ્પોર્ટ ડ્યુટી વધવાના ડરથી બીજા દિવસે જવેલરી શેરોમાં કડાકો

**સેન્સેક્સ** 1456.04 પોઇન્ટ તૂટીને 75000ની નીચે



**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 12:** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદન બાદ રોકાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો, જેમાં આજે નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે મંદીવાળાઓ ભારે હાવી થઇ ગયા હતા અને ચોતરફી વેચવાલી કરી હતી, જેના લીધે સેન્સેક્સ-નિફ્ટીમાં જબરજસ્ત કડાકો બોલાયો હતો અને દોઢ-દોઢ ટકા તૂટયા હતા. જેના લીધે રોકાણકારોના 10 લાખ કરોડ રૂપિયા સ્વાહા થઇ ગયા હતા.

એકબાજું ટ્રમ્પે ઇરાનના પ્રતિસાદને ફગાવી દીધું હતું, જેના લીધે ફરીથી યુદ્ધના ભણકારા શરૂ થઇ ગયા હતા. જેની સીધી અસર ક્રુડ ઓઇલ પર જોવા મળી હતી અને ક્રુડ ઓઇલ 105 ડોલર પ્રતિ બેરલ વટાવી જતાં રૂપિયો વધુ નબળો પડ્યો હતો અને નવી ઐતિહાસિક નીચી સપાટીએ સરકી ગયો હતો. જેના પરિણામે શેરબજારમાં રોકાણકારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. જેની અસર બ્રોડર માર્કેટ પર પણ રહી હતી. આઇટી-રિયલ્ટી શેરોએ દબાણ વધારવાનું કામ કર્યુ હતું.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં 10 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો જોવાયો હતો અને માર્કેટ કેપ રૂ. 466 લાખ કરોડથી ઘટીને 456 લાખ કરોડ પર પહોંચી ગઇ હતી. નિફ્ટીએ 23400 પોઇન્ટની સપાટી પણ તોડી નાંખી હતી. સેકટર વાઇઝ જોઇએ તો રિયલ્ટી, આઇટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ શેરોમાં ભારે ઘટાડો નોંધાયો હતો.

બીએસઇ સેન્સેક્સ 1456.04 પોઇન્ટ તૂટીને 75000 પોઇન્ટની સપાટી તોડીને 74559.24 પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 75741 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74449 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 436.30 પોઇટ એટલે કે 1.83 ટકા તૂટીને 23400 પોઇન્ટની સપાટી તોડીને 23379.55 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી23757 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23348 પોઇટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 884.70 પોઇન્ટ એટલે કે 1.63 ટકા ઘઠીને 53555.20 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એફકોન્સ ઇન્ફ્રામાં 9.31 ગણા, ટીમકેન ઇન્ડિયામાં 8.18 ગણા, બાલકૃષ્ણ ઇન્ડ.માં 6.97 ગણા, સીમરા એસજીએસમાં 6.01 ગણા, અને સોના બીએલડબલ્યુ પ્રીસીસન ફોર્જીગ્સમાં 5.45 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે બીલીયનબ્રેઇન્સ ગેરેજમાં 17.31 ગણા, એફકોન્સ ઇન્ફ્રામાં 11.02 ગણા, સીરમા એસજીએસ ટેકનોમાં 7.05 ગણા, પેરાદીપ ફોસ્ફેટસમાં 6.95 ગણા અને બ્રેઇનબીઝ સોલ્યુશ્નસમાં 595 ગમા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટનું નબળું પ્રદર્શન રહ્યું હતું, જેને લાર્જકેપ શેરો કરતા પણ ખરાબ પ્રદર્શન કર્યુ હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ2.56 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 2.95 ટકા તૂટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 889 શેરો વધ્યા હતા અને 3388 શેરો ઘટયા હતા, જ્યારે 133 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 4.11 ટકા તૂટયા હતા, જે છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં 7.47 ટકા તૂટી ચૂકયા છે. જેમાં અનંતરાજ, લોઢા ડેવલપર્સ, પ્રેસ્ટીજ એસ્ટેટ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ફોનીક્સ મીલ્સ, બ્રિગ્રેડ એન્ટરપ્રાઇઝ, એબી રિયલ એસ્ટેટ, ડીએલએફ, શોભા અને ઓબેરોય રિયલ્ટી ઘટયા હતા. વૈશ્વિક સ્તરે અમેરિકા-ઇરાન સંઘર્ષના ઝડપી ઉકેલની આશાઓ ઝાંખી પડતી હોવાથી આજે યુરોપિયન બજારોમાં ઘટાડો જોવાયો હતો. ઇરાન સંઘર્ષને કાણે ક્રુડના ઉંચા ભાવો એ્ચે એફ્રિલ 2026માં અમેરિકાનો વાર્ષિક ફુગાવો 3.7 ટકા સુધી પહોંચવાની ધારણા છે, જે સપ્ટેમ્બર 2023 બાદનો સૌથી વધુ સ્તર છે. કોર ફુગાવો પણ અગાઉના મહિનામાં 2.6 ટકાથી વધીને વાર્ષિક ધોરણે 2.7 ટકા થવાની અંદાજ છે. બીજી તરફ, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે યુદ્ધ વિરામ મોટાપાયે લાઇફ સપોર્ટ પર છે તે પછી રોકાણકારોએ નાજુક યુએસ ઇરાન યુદ્ધવિરામ અંગેની નવી શંકાઓ દૂર કરી હતી. જોકે, એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.38 ટકા, કેક 0.54 ટકા અને ડેક્સ 1.24 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.42 ટકા, સ્ટ્રેઇટસ 0.07 ટકા, તાઇવાન 0.26 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.20 ટકા, કોસ્પી 2.34 ટકા, જકાર્તા 0.68 ટકા અને શાંઘાઇ 0.25 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.63 રૂ. |
| યુરો | 112.50 રૂ. |
| પાઉન્ડ | 129.22 રૂ. |
| યેન | 0.6069 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -1456.04 | 74559.24 |
| નિફ્ટી | -436.30 | 23379.55 |
| બેન્ક નિફ્ટી | -884.70 | 53555.20 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 4.80 | 294.50 |
| હિન્દાલ્કો | 1.75 | 1041.40 |
| એસબીઆઇ | 0.10 | 974.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 4.66 | 930.45 |
| અદાણી પોર્ટસ | 4.48 | 1688.20 |
| ટેક મહિન્દ્રા | 4.43 | 1392.90 |
| એચસીએલ ટેકનો | 3.11 | 1145.80 |
| જિયો ફાઇનાન્સીયલ | 4.10 | 230.47 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 0.12 | 974.70 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 4.44 | 1392.35 |
| અદાણી પોર્ટસ | 4.39 | 1689.00 |
| એચસીએલ ટેકનો | 4.11 | 1145.80 |
| ટીસીએસ | 3.84 | 2300.65 |
| ટાઇટન કંપની | 3.60 | 4054.05 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૯૫૦ |
| તેજાબી સોનું | ૧૫૬૮૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૧૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૮૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૯૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૭૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૯૦૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

# મેટા 8000 કર્મચારીઓને છુટા કરશે

**ઝુકરબર્ગનો** માસ્ટરપ્લાન: ડઝનેક એન્જિનિયરોનું કામ હવે બે જણા કરશે

નવી દિલ્હી, તા. 12: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે વિશ્વમાં ભૌગોલિક રાજકીય તણાવ સર્વકાલીન ઉંચી સપાટીએ છે. બીજી તરફ, દુનિયાની ટેક વર્લ્ડમાં એઆઇને કારણે લોકો નોકરી ગુમાવવા લાગ્યા છે. ફેસબુકની પેરન્ટ કંપની મેટા 20 મેના રોજ 8000 કર્મચારીઓને છુટા કરવા જઇ રહી છે. કંપનીના સીઇઓ માર્ક ઝુકરબર્ગ હવે નાની અને એઆઇ સંચાલિત ટીમોની આસપાસ મેટાનું પુનર્નિર્માણ કરી રહ્યા છે. તાજેતરના પ્રથમ કવાર્ટરના પરિણામો દરમ્યાન, ઝુકરબર્ગે સ્પષ્ટ કર્ છે કે કંપની ફક્ત એવા કર્મચારીઓને રાખવા માગે છે જેઓ મોટા પ્રોજેક્ટસને એકલા હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે.

ઝુકરબર્ગનું માનવું છે કે એઆઇ ટૂલ્સની મદદથી હવે એક કે બે લોકો અઠવાડિયામાં આ કામ કરી રહ્યા છે, જે પૂર્ણ થવામાં ડઝનેક એન્જિનિયરોને મહિનાઓ લાગતા હતા. આ ફેરફારને ધ્યાનમાં રાખીને, કંપની તેની ટીમોને નાની અને વધુ ઉત્પાદક બનાવી રહી છે. ઝુકરબર્ગના જણાવ્યા અનુસાર, આ નિર્ણય માત્ર ખર્ચ ઘટાડવાનો માળખાકીય વિકલ્પ નથી, પરંતુ મેટાને ભાવિ પડકારો માટે તૈયાર કરવા માટેનો છે. કંપની પાસે હવે અલ્ટ્રાફ્લેટ સ્ટ્રક્ચર છે, જેમાં ફક્ત એક મેનેજર 50 ઈજનેરો પર કામ કરે છે.

મેટા આ વર્ષે તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખાસ કરીને ડેટા સેન્ટર્સ, કસ્ટમ ચિપ્સ અને એઆઇ મોડેલ તાલીમ પર રેકોર્ડ 125-145 અબજ ડોલરનો ખર્ચ કરી રહી છે. કંપનીના સીએફઓ સુસાન લીએ સ્પષ્ટતા કરી છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરનો ખર્ચ ગયા વર્ષની તુલનામાં લગભગ બમણો થઇ ગયો છે, જેના કારણે કર્મચારીઓના પગાર અને કંપનીના બજેટ વચ્ચે અસંતુલન સર્જાયો છે. આ અસંતુલનને દૂર કરવા માટે 20 મેના રોજ છૂટા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે કમાણી કોલ પછી મેટાના શેરમાં 6 ટકાનો ઘટાડો થયો હતો.

ઉદ્યોગમાં ઉગ્ર ચર્ચા ચાલી રહી છે કે એઆઇ મનુષ્યનું સ્થાન લઇ રહ્યું છે, ઝુકરબર્ગ દલીલ કરે છે કે આ તકનીક કર્મચારીઓની ક્ષમતામાં વધારો કરશે, તેમને દૂર નહીં. જો કે, કંપનીની અંદરનું વાતાવરણ કંઈક બીજું જ કહી રહ્યું છે. આ મોટા ફેરફારોને કારણે કર્મચારીઓનું મનોબળ સૌથી નીચલા સ્તરે પહોંચી ગયું છે.

મેટાની આ નવી વ્યૂહરચના ટેક સેક્ટરમાં કામ કરવાની રીતને સંપૂર્ણપણે બદલી રહી છે. કંપનીનો સ્પષ્ટ સંદેશ એ છે કે ભવિષ્ય તે લોકોનું છે જે એઆઈ ટૂલ્સ સાથે ઝડપથી કામ કરી શકે છે. તે જોવું રસપ્રદ રહેશે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ વિશાળ રોકાણ અને ટીમોનું આ નવું માળખું આગળ વધતા મેટાને કેટલો આર્થિક લાભ આપે છે.

# 'વર્ચ્યુઅલ' મીટિંગની સલાહથી 'રિયલ' માર્કેટમાં ધબડકો!

**જવેલરી**, હોસ્પિટાલિટી અને ટ્રાવેલ્સ શેરો તૂટયા

**ઇન્ટરગ્લોબ** એવીએશન, ઇન્ડિયન હોટલ્સ અને લેમન ટ્રીના શેરોમાં પાંચ ટકા સુધીનો ઘટાડો

મુંબઇ, તા. 12: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અપીલ કરી હતી કે, તેઓ એક વર્ષ સુધી સોનુ ન ખરીદે, પેટ્રોલ અ ડિઝલનો ઉપયોગ ઘટાડે અને વિદેશમાં ડેસ્ટીનેસન વેડીંગ ટાળે, તેમજ અભ્યાસ માટે ઓનલાઈન વર્ગોનો ઉપયોગ થઇ શકે છે, તેના પરિણામે આ સેકટરની કંપનીઓના શેરોમાં સતત બીજા દિવસે કડકો બોલાયો હતો. આજે ટ્રાવેલ્સ અને હોસ્પિટાલિટી શેરો તૂટયા હતા. જ્યારે સ્પાઇસ જેટ, ઇન્ટરગ્લોબ એવીએશન, ઇન્ડયન હોટલ્સ અને લેમન ટ્રી જેવા શેરોમાં પાંચ ટકા સુધઈનો ઘટાડો નોંધાયો હતો.

પીએમ મોદીએ લકોને સલાહ આપી હતી, આ સલાહ બાદ ટ્રાવેલ્સ અને હોટલ કંપનીઓના આઉટલુક પર ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આનું કારણ એ છે કે લોકોનું ધ્યાન માત્ર આવશ્ય ખર્ચ પર જ હોવાથી આ બંને ક્ષેત્રોમાં માગ પર અસર પડી શકે છે. જેના કારણે બંને સેકટરની કંપનીઓના શેરોમાં ઘટાડો નોંધાયો હતો. આજે એમપણ માર્કેટ સેન્ટિમેન્ટ નબળું હતું,

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ડિજિટલ ટેક્નોલોજીએ ઘણા કાર્યોને સરળ બનાવ્યા છે. તેમણે સરકારી અને ખાનગી કચેરીઓમાં વર્ચ્યુઅલ બેઠકોનો ઉપયોગ કરવા અને ઘરેથી કામ કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું હતું કે, સરકાર લોકોને મુશ્કેલીમાંથી બચાવવા શક્ય તમામ પ્રયાસો કરી રહી છે.